# આન-બાન-શાનથી પ્રજાસત્તાક દિન ઉજવાયો

**ચીફ ગેસ્ટ વગર રાષ્ટ્રપતિએ તિરંગો લહેરાવ્યો : રિપબ્લિક ડે પરેડમાં રાફેલે પ્રથમ વખત ઉડાન ભરી : વડાપ્રધાન મોદીએ નેશનલ વોર મેમોરિયલમાં શહીદ જવાનોને સલામી આપી હતી : પરેડ દ્વારા ભારતની તાકાત, સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી**










નવી દિલ્હી, તા.૨૭
મંગળવારે ૨૬મી જાન્યુઆરીએ રાજપથ પર રિપબ્લિક ડે પરેડ યોજાઈ હતી. તેમાં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામેલ થયા હતા. નેશનલ વોર મેમોરિયલ પહોંચેલા વડાપ્રધાન મોદીએ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. આ સાથે તેમની સાથે સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ અને ત્રણે સેના પ્રમુખો દ્વારા વડાપ્રધાન મોદીનું સ્વાગત કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીએ દિલ્હીમાં બનેલા નેશનલ વોર મેમોરિયલમાં દેશની સેવા કરતી વખતે શહીદ થયેલા જવાનોને સલામી આપી હતી. કોરોનાના કારણે આ વખતે વિજય ચોકથી પરેડ શરુ કરીને નેશનલ સ્ટેડિયમ સુધી જશે જ્યારે દર વર્ષે રિપબ્લિક પરેડ રાજપથથી શરુ થઈને લાલ કિલ્લા સુધી જતી હતી. રિપબ્લિક ડે પરેડ દ્વારા દુનિયાને ભારતની તાકાત, સંસ્કૃતિ અને અનેકતામાં એકતાની ઝલક દેખાઈ હતી. કોરોનાને ધ્યાનમાં રાખીને રાજપથ પર સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે દર્શકો બેસી શકે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. પરેડ દરમિયાન બે વાત ખાસ રહી. પ્રથમ- બાંગ્લાદેશની ટુકડીએ પ્રથમ વખત ગણતંત્ર દિવસ સમારંભમાં ભાગ લીધો. બીજી વાત- ભારતીય વાયુસેનાના રાફેલ ફાઈટર જેટે પણ પ્રથમ વખત પરેડમાં ભાગ લીધો. જોકે કોરોનાના કારણે આ વખતે પરેડની પદ્ધતિ બદલાઈ ગઈ. ૫૫ વર્ષમાં પ્રથમ વખત એવું થયું કે રિપબ્લિક ડે પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા. આ પહેલા ભારતમાં ૧૯૫૨, ૧૯૫૩ અને ૧૯૬૬માં પણ ગણતંત્ર દિવસ પરેડમાં કોઈ ચીફ ગેસ્ટ સામેલ થયા ન હતા. રાજપથ પર ઝાંખીઓમાં સૌથી પહેલી ઝાંખી કેન્દ્ર શાસિત પ્રદેશ લદ્દાખની બતાવવામાં આવી હતી. આ સિવાય ઉતરપ્રદેશની ઝાંખી પણ ખાસ હતી. તેમાં રામ મંદિરની ઝલક પણ બતાવવામાં આવી હતી.

આ સિવાય ઉતરપ્રદેશની ઝાંખી પણ ખાસ હતી. તેમાં રામ મંદિરની ઝલક પણ બતાવવામાં આવી હતી. રાજપથ પર પેરામિલિટ્રી અને અન્ય સહાયક દળોએ પરેડ કાઢી હતી. આ દરમિયાન તટરક્ષક દળ, કેન્દ્રીય રિઝર્વ પોલીસ બળ, દિલ્હી પોલીસની બેન્ડ, ભારત-તિબેટ સીમા પોલીસના બેન્ડ, રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડના જવાનોએ પોતાની તાકાત દેખાડી હતી. રાજ્યો પછી કેન્દ્રીય મંત્રાલાયોની ઝાંખીનો નંબર હતો.

# ખેડૂત આંદોલનને મોટો ફટકો

**બે સંગઠનોનો ખસી જવાનો નિર્ણય : ટિકૈત સહિત ઘણા નેતાઓ સામે પોલીસે ૪૦ એફઆઈઆર દાખલ કરી : રેલી દરમિયાન ઘૂસી ગયેલા કેટલાક અસામાજિક તત્વોએ હિંસા આચરી હોવાનો ખેડૂતો સંગઠને દાવો કર્યો : શાંતિપૂર્ણ આંદોલનમાં ફાટાં પડ્યાં**

નવી દિલ્હી, તા. ૨૭
૨૬મી જાન્યુઆરીએ આંદોલનકારી ખેડૂતોએ દિલ્હીમાં કાઢેલી ટ્રેક્ટર રેલી દરમિયાન થયેલી હિંસા બાદ હવે પોલીસ હરકતમાં આવી છે. દિલ્હી પોલીસે આ મામલે ઉપરાછાપરી કુલ ૪૦ એફઆઈઆર ફાઈલ કરી છે, જેમાં ટોચના કિસાન નેતાઓના નામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં દર્શન પાલ, રાજિન્દર સિંઘ, બલબીર સિંઘ રાજેવાલ, બુતાસિંઘ બુર્જગીલ અને જોગીન્દર સિંઘ ઉગરાહાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, બીકેયુના પ્રવક્તા રાકેશ ટિકૈતનું નામ પણ એફઆઈઆરમાં સામેલ છે. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે થયેલી હિંસામાં ૩૦૦ જેટલા પોલીસકર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા. દરમિયાનમાં ૨૬મી જાન્યુઆરીએ આંદોલનકારી ખેડૂતોએ જે રીતે દિલ્હીમાં હિંસા કરી તેની ચારેતરફથી ટીકા થઈ રહી છે. કિસાન સંઘર્ષ કોર્ડિનેટર કમિટીના વડા સરદાર વીએન સિંહ અને ચિલ્લા બોર્ડર પર ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય અધ્ય ભાનુ પ્રતામ સિંહે ધરણાં સમાપ્ત કરવાની જાહેરાત કરી. વીએન સિંહે યુપી ગેટ પર પ્રેસ કોન્ફ્રન્સ કરી આ વાતની જાણકારી આપી. ખેડૂત નેતા વીએન સિંહ કહ્યું કે, તેઓ પ્રજાસત્તાક દિને જે કંઈ થયું તેનાથી તેઓ દુઃખી છે.

## ખેડૂતોની સાથે વાતચીત માટેના દરવાજા બંધ નથી થયા : જાવડેકર

નવી દિલ્હી, તા. ૨૭
પ્રજાસત્તાક દિવસ પર ટ્રેક્ટર રેલીમાં થયેલી હિંસા બાદ બુધવારના કેન્દ્રીય મંત્રી પ્રકાશ જાવડેકરનું નિવેદન સામે આવ્યું છે. ખેડૂત સંગઠનોની સાથે ચાલી રહેલી વાતચીતને લઈને પ્રકાશ જાવડેકર બોલ્યા કે અમે ક્યારેય પણ એવું નથી કહ્યું કે, વાતચીતના દરવાજા બંધ થઈ ગયા છે. કેબિનેટના નિર્ણયની જાણકારી આપી રહેલા પ્રકાશ જાવડેકરને જ્યારે દિલ્હી હિંસા પર પ્રશ્ન થયો અને ખેડૂતો સાથે ચર્ચાની વાત પૂછવામાં આવી તો તેમણે કહ્યું કે, તમે ક્યારેય સાંભળ્યું કે વાતચીતના દરવાજા બંધ થઈ ગયા, જ્યારે પણ કંઈ થશે તમને જણાવીશું. દિલ્હીમાં હિંસાને લઈને પ્રકાશ જાવડેકરે નિવેદન આપ્યું કે, પ્રજાસત્તાક દિવસના અવસર પર જે થયું તેને લઈને દિલ્હી પોલીસ તરફથી જ ઘટનાની જાણકારી આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે કૃષિ કાયદાના મુદ્દા પર ખેડૂત સંગઠનો અને ભારત સરકારની વચ્ચે લગભગ ૧૨ વખત વાતચીત થઈ છે.

# જામનગરની પાઘડી પહેરી મોદીએ પ્રજાસત્તાક પર્વ ઉજવ્યું

**પ્રજાસત્તાક દિવસે નરેન્દ્ર મોદીનો ખાસ અંદાજ : ગુજરાતના જામનગરના શાહી પરિવારની તરફથી આવી પાઘડી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ખાસ ગિફ્ટમાં અપાઇ**

નવી દિલ્હી, તા.૨૭
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૭૨મા ગણતંત્ર દિવસ સમારંભ માટે ખાસ પ્રકારની પાઘડી પસંદ કરી છે. તેમણે આ વખતે ગુજરાતના



જામગનરની ખાસ પાઘડી પહેરી છે. જામનગરના શાહી પરિવારની તરફથી આવી પાઘડી તેમને ગિફ્ટમાં અપાઈ હતી. મોદી દર વર્ષે ગણતંત્ર દિવસ પર અલગ પ્રકારની પાઘડી પહેરતા દેખાય છે. ગયા વર્ષે તેમણે બાંધણી પહેરી હતી જે કમર સુધીની છે. કેસરિયા રંગની પાઘડીમાં પીળો રંગ પણ હતો. ૨૦૧૫થી લઈ અત્યાર સુધીમાં દર વર્ષે ગણતંત્ર દિવસ પર મોદી ખાસ પ્રકારની પાઘડીઓ પહેરતા દેખાય છે. પ્રધાનંત્રી મોદી ૭૨મા ગણતંત્ર દિવસ પર જામનગરની પાઘડી પહેરતા દેખાયા. તેમણે ઈન્ડિયા ગેટ પર આવેલ નેશનલ વોર મેમોરિયલ જઈ વીરગતિ પ્રાપ્ત કરનાર દેશના બહાદુર જવાનોને શ્રદ્ઘાંજલિ પાઠવી. તેમની સાથે ત્રણે સેનાઓના પ્રમુખ પણ હાજર રહ્યા. ૭૧મા ગણતંત્ર દિવસના અવસર પર પ્રધાનમંત્રી મોદીએ ‘બાંધણી'ને પસંદ કરી હતી. કેસરિયા રંગની પાઘડીનો એક ભાગ કમર સુધી જતો હતો. ૭૦મા ગણતંત્ર દિવસ અવસર પર પીએમ મોદીએ પીળી પાઘડી પહેરી હતી. તેમાં લીલો રંગ પણ સમાવિષ્ટ હતો અને થોડીક સોનેરી રેખાઓ પણ હતી. સાથો સાથ તેમણે સ્લીવલેસ જેકેટ અને સફેદ કુર્તો પહેર્યો હતો. ૨૦૧૮ના ગણતંત્ર દિવસ દરમ્યાન પીએમ મોદીની પાઘડી કેટલાંય રંગો વાળી હતી. તેમનું પોકેટ સ્કવેયર પણ મલ્ટીકલરનું હતું. મોદીએ એ વર્ષે ક્રીમ રંગનો કુર્તો અને કાળા રંગના બંધ ગળાના જેકેટ સમારંભ માટે પસંદ કર્યું હતું.

# પહેલીથી સ્વિમિંગ પુલ ખોલાશે, થિયેટર્સના નિયંત્રણો હટાવાયા

**અનલોકની નવી ગાઇડલાઇન : ૬૫ વર્ષથી વધુના લોકો, બીમારો, ગર્ભવતી મહિલાઓ અને ૧૦ વર્ષથી નીચેના બાળકો પણ ઘરની બહાર જઈ શકશે**

નવી દિલ્હી, તા. ૨૭
કોરોના વાયરસની મહામારીના કારણે અનેક નિયંત્રણો લાદવામાં આવ્યા હતાં. પરંતુ હવે સ્થિતિ ધીમે ધીમે થાળે પડી રહી છે. કોરોના વેક્સીન પણ ભારતમાં આવી ગઈ હોવાથી સરકારે પણ રાહતનો શ્વાસ લીધો છે. ધીમે ધીમે થાળે પડી રહેલા જનજીવનને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આજે નવી ગાઈડલાઈન જાહેર કરી દીધી છે. આ ગાઈડલાઈનનું પાલન ૧લી ફેબ્રુઆરીથી ૨૮ ફેબ્રુઆરી સુધી કરવાનું રહેશે.

નવી ગાઈડલાઈનમાં દેશના તમામ સ્વીમિંગપુલને લોકો માટે ખોલી દેવામાં આવ્યા છે. સાથે જ કેન્ટોનમેન્ટ ઝોનમાંથી બહાર જવાની પણ છુટછાટ આપી દેવાઈ છે. સિમેનાઘરોને લઈને અલગથી એસઓપી બહાર પડાશે.

લગભગ એક વર્ષ પહેલા શરૂ થયેલી કોરોના મહામારીએ મહિનાઓ સુધી દેશવાસીઓને ઘરમાં જ ગોંધી રહેવા મજબુર બનાવી દીધા હતાં. અનેક મહિનાઓ સુધી અનેક તબક્કાના લોકડાઉન અને ત્યાર બાદ અનલોકની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અનલોકની પ્રક્રિયામાં સ્થિતિ પ્રમાણે નિયંત્રણો ઢીલા કરવામાં આવ્યા હતાં. પરંતુ હવે ભારત બાયોટેક અને સિરમ ઈન્સ્ટિટ્યૂટ્સની એક નહીં બબ્બે કોરોના વેક્સીન માર્કેટમાં આવી ગઈ છે. અત્યાર સુધીમાં આ વેક્સીન ૨૦ લાખ દેશવાસીઓને લગાવી પણ દેવામાં આવી છે. બીજી બાજુ લોકોએ દાખવેલી સાવચેતીએ પણ કોરોનાનો ફેલાવો ઘણે ખરે અંશે ઓછો કરી નાખ્યો છે.

સિનેમા હોલ અને થિયેટર્સમાં ૫૦ ટકા બેઠકની મંજૂરી અગાઉ આપવામાં આવી હતી. હવે તેમાં વધારો કરીને બેઠક ક્ષમતામાં વધારવામાં આવી છે. આ ઉપરાંત સ્પોર્ટ્સ અને યુથ અફેર્સ મંત્રાલય દ્વારા એસઓપી જાહેર કર્યા બાદ સ્વિમિંગ પૂલ્સ પણ શરૂ થઈ શકે છે. એક્ઝિબિશન હોલ્સ પણ નવી એસઓપી પ્રમાણે ખૂલી શકે છે. હાલમાં રમતવીરો માટે સ્વિમિંગ પૂલ્સ ખોલવાની મંજૂરી આપવામાં આવી છે. હવે સ્વિમિંગ પૂલ્સ તમામ લોકો માટે ખુલશે.

રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ કોવિડ-૧૯ માટેની તમામ ગાઈડલાઈનનું પાલન કરાવવાનું રહેશે. જેમાં લોકો ફેસ માસ્ક પહેરે, સેનિટાઈઝર્સ અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ ઉપરાંત ૬૫ વર્ષથી વધુની વયના લોકો, બીમારી ધરાવતા લોકો, ગર્ભવતી મહિલાઓ અને ૧૦ વર્ષથી નીચેના બાળકો બિનજરૂરી પ્રવૃત્તિઓ માટે પણ ઘરની બહાર જઈ શકશે પરંતુ તેમને સાવચેતી રાખવાની સલાહ આપવામાં આવી છે.

પરિસ્થિતિનું આકલન કર્યા બાદ ગૃહ મંત્રાલય સાથે ચર્ચા કર્યા બાદ સિવિલ એવિયેશન મંત્રાલય પેસેન્જર્સ માટે ઈન્ટરનેશલ ટ્રાવેલ અંગે નિર્ણય લેશે. હવે સિનેમા હોલમાં ૫૦ ટકા ક્ષમતાનું નિયંત્રણ હટાવી લેવામાં આવ્યું છે અને ઈન્ફોર્મેશન એન્ડ બ્રોડકાસ્ટ મંત્રાલય દ્વારા નવી એસઓપી જાહેર કરવામાં આવશે અને તે પ્રમાણે નિર્ણય લેવામાં આવશે.

થાળે પડી રહેલી સ્થિતિને ધ્યાનમાં રાખીને કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આજે નવી ગાઈડલાઈન જાહેર કરી છે. આ ગાઈડલાઈન પ્રમાણે તમામ લોકો માટે સ્વીમિંગપુલ ખોલવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જ્યારે કન્ટેન્મેન્ટ બહાર પણ હરવા ફરવાથી લઈને તમામ છૂટછાટ આપી દેવાઈ છે.

દેશના તમામ રાજ્યોના સિનેમા હોલમાં ૫૦%થી વધુની દર્શકોને બેસવાની મંજૂરી આપી દેવામાં આવી છે. જોકે આગામી સમયમાં સિનેમા હોલ માટે વધુ એસઓપી (સ્ટાંડર્ડ ઓફ પ્રોસેસ) બહાર પાડવામાં આવશે. આ ગાઈડલાઈન પર નજર કરવામાં આવે તો કહી શકાય કે કેન્દ્ર સરકારે હવે માત્ર ગણ્યા ગાંઠ્યા જ નિયંત્રણો રાખ્યા છે. મોટા ભાગની છુટછાટ આપી દેવામાં આવી છે. આ ગાઈડલાઈન તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશો માટે અમલી રહેશે.

## ગરિમા પર પ્રહાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ બેલગામ તોફાની તત્વોએ સમગ્ર દેશને શરમજનક સ્થિતિમાં મુકી દીધો હતો. હજારો ખેડૂતોએ ઠેરઠેર તોફાનો અને ઉપદ્રવ મચાવ્યો હતો. પોલીસ, પોલીસના વાહન ઉપર ઠેર ઠેર હુમલા થયા હતા. પોલીસે અનેક સ્થળે અશ્રુવાયુ પણ છોડયો હતો. દિલ્હીના ૬૦ જેટલા મેટ્રો સ્ટેશનોને બંધ કરવા પડયા એટલું જ અનેક વિસ્તારોમાં ઈન્ટરનેટ બંધ કરવામાં આવ્યા હતા.

ઉપદ્રવી તત્વો હાથમાં લાઠી, દંડા, સળીયા, ઈંટ અને પથ્થરો સાથે જોવા મળ્યા હતા. તેઓની પાસે તલવારો પણ હતી. ઠેરઠેર સાર્વજનિક સંપત્તિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઉપદ્રવીઓએ ૨૫ જેટલી કાર અને બસોમાં નુકસાન કર્યું હતું. ઠેર ઠેર દિલ્હીમાં ટ્રાફિકજામ જોવા મળ્યા હતા.

## સેન્સ લેવાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આવશે તેમ બન્ને પક્ષના વિશ્વસનીય સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લા પંચાયતમાં અને તાલુકા પંચાયતમાં એકસોથી વધુ ઉમેદવારોથી પસંદગીની કામગીરી ચાલી રહી હોવાથી બન્ને પક્ષના કાર્યકરોમાં દોડાદોડી અને રાજકીય ઉત્તેજનાઓ સવાર થયેલી છે.

સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીની જાહેરાત પછી જિલ્લામાં રાજકીય ઉત્તેજનાઓ સવાર થયેલી છે એટલુ જ નહિ પણ આગેવાનો દ્વારા ગૃપ બેઠકો અને કાર્યકર્તાઓને મનાવવાની બેઠકો શરૂ થઈ ગઈ છે.

## મનપા કાઉન્સીલર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વ. ધીરૂભાઈ ડોડિયા નિષ્પક્ષ કાઉન્સીલર તરીકેની છાપ ધરાવતા હતા. તેમણે કમિશનરશ્રી દ્વારા પત્રોના જવાબ નહિ અપાતો હોવાનો અવાજ બુલંદ રીતે રજુ કર્યો હતો. તેમણે મનપાના ભરતી-બઢતીના નિયમો તૈયાર કરવામાં અને તેને મંજૂર કરવા માટે ભારે રસ દાખવ્યો હતો.

સ્વ. દોડિયાના અવસાનથી ભાજપ-કોંગ્રેસના સભ્યોની સંખ્યા સરખી થઈ ગઈ છે.

તેમના અવસાન અંગે મેયર રીટાબેન પટેલ, વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, ડે. મેયર નાઝાભાઈ ધાંધર, પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલ, કાઉન્સીલર અંકિત બારોટ, સ્થાયી સમિતિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડા સહિતના આગેવાનોએ દિલસોજી વ્યક્ત કરી અને શ્રદ્ધાંજલિ આપી છે.

## સ્કવોર્ડ કાગળ ઉપર

● પાંચમાનું ચાલુ

ફટકો આપનાર ખાનગી વાહનો સામે પગલાં ભરવામાં એસ.ટી. વિભાગના સત્તાવાળાઓ સરેઆમ નિષ્ફળ રહ્યા છે. તહેવારો સમયે ચેકીંગમાં જોર દેખાય છે પરંતુ રૂટીન દિવસોમાં ચેકીંગ ટીમો અદ્રશ્ય રહેતાં ખાનગી વાહન ચાલકોને મોકળુ મેદાન મળ્યું છે જેથી એસ.ટી.ની આવકમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. બસ મથકો આગળથી શટલિયાં વાહન ચાલકો બિન્દાસ્ત રીતે એસ.ટી. બસના મુસાફરો ખેંચી જતા દેખાય છે પરંતુ તેમની સામે કોઈ પગલાં ભરાતાં નથી. એસ.ટી. ડીવીઝનની લાઈન ચેકીંગ સ્કવોર્ડ માત્ર કહેવા ખાતર કામગીરી કરતી હોય તેવી સ્થિતિ પ્રવર્તિ રહી છે.

# રાજ્યમાં છેલ્લા ૮ માસમાં સૌથી ઓછા કેસ નોંધાયા

**ગુજરાતમાં કોરોનાથી માત્ર એક દર્દીનું મોત : રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૫૩ કેસ : અમદાવાદમાં નવા ૭૫ કેસ : ૩૯૭૬ એક્ટિવ કેસ : ૪૩ વેન્ટિલેટર પર**

ગાંધીનગર, તા. ૨૭
ગુજરાત માટે રાહતના સમાચાર છે. કોરોના વાયરસના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૫૩ કેસ નોંધાયા છે. આ છેલ્લા આઠ મહિનામાં નોંધાયેલા સૌથી ઓછા કેસ છે. તો બીજીતરફ મૃત્યુ દરમાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં માત્ર એક દર્દીનું મૃત્યુ થયું છે. તો છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં ૪૬૨ દર્દીઓ સાજા થયા છે. નવા કેસની સાથે રાજ્યમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૨,૬૦,૨૨૦ કેસ નોંધાયા છે. તો રાજ્યમાં કોરોનાને લીધે અત્યાર સુધી ૪૩૮૨ દર્દીઓના મૃત્યુ થયા છે.

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં સૌથી વધુ ૭૩ કેસ નોંધાયા છે. તો વડોદરામાં ૫૬, રાજકોટ ૪૮, સુરત ૪૧, વડોદરા ગ્રામ્ય ૧૯, રાજકોટ ગ્રામ્ય ૧૬, પંચમહાલ ૯, સાબરકાંઠા ૯, મોરબી ૬, ભરૂચ, ગાંધીનગર શહેર, જુનાગઢ, કચ્છ અને નર્મદામાં પાંચ-પાંચ કેસ નોંધાયા છે. ભાવનગર શહેરમાં ૪, ગાંધીનગર ગ્રામ્ય ૪, અમરેલી ૩, દ્વારકા ૩, જામનગર ૩ અને જુનાગઢમાં ત્રણ કેસ નોંધાયા છે. તો એકમાત્ર મૃત્યુ અમદાવાદમાં થયું છે. ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા ૪ હજારથી નીચે પહોંચી ગઈ છે. ગુજરાતમાં આજની તારીખે ૩૯૭૬ એક્ટિવ કેસ છે, જેમાં ૪૩ દર્દીઓ વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી સારવાર બાદ ૨ લાખ ૫૧ હજાર ૮૬૨ દર્દીઓ સાજા થયા છે. ગુજરાતમાં કોરોનાને લીધે ૪૩૮૨ દર્દીઓના અત્યાર સુધી મૃત્યુ થયા છે. રાજ્યનો રિકવરી રેટ ૯૬.૭૯ ટકા પહોંચી ગયો છે.